NZ[S

# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૧૨–૦૮ – ૨૦૧૦

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં 'મોડર્ન મેનેજમેન્ટ પ્રેકટિસીસ ઈન સુરત ટેક્ષ્ટાઈલ્સ ' વિશે રસપ્રદ સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સાઉથ ગુજરાત ટેક્ષ્ટાઈલ પ્રોસેસર્સ એસોસિયેશનના સંયુકત ઉપક્રમે **'મોડર્ન મેનેજમેન્ટ પ્રેકટિસીસ ઈન સુરત ટેક્ષ્ટાઈલ્સ '** વિશે એક રસપ્રદ સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મુખ્ય વકતાઓ તરીકે પ્રતિભા ગૃપ ઓફ કંપનીઝના મેનેજિંગ ડાયરેકટર શ્રી પ્રમોદ ચૌધરી,લુથરા ગૃપ ઓફ કંપનીઝના ચેરમેન અને મેનેજિંગ ડાયરેકટર શ્રી ગિરિશ લુથરા તથા બિંદાલ ગૃપ ઓફ કંપનીઝના ચેરમેન શ્રી રવિન્દ્ર આર્યએ માહિતીપ્રદ વકતવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના આરંભે લાભ ચેમ્બર પ્રમુખ ડો.અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિત વકતાઓ તથા ઉપસ્થિત સર્વેને આવકાર આપી સ્વાગત પ્રવચનમાં કહયું હતું કે,દરેક ઈન્ડસ્ટ્રીની જેમજ ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં પણ નવી મેનેજમેન્ટ પધ્ધતિ હોવી જરૂરી છે,આજનો સેમિનાર એ આશયથી જ યોજવામાં આવ્યો છે અને આ ક્ષેત્રના નિષ્ણાત વકતાઓ આજે આપણને એ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપશે જ મેનેજમેન્ટ વિશેના નવા વિચારો આપણને મળી શકશે.ચેમ્બર ઉદ્યોગોના પ્રશ્નો અને મુદદાઓની રજૂઆત માટે હંમેશા તત્પર રહેશે.

શ્રી અનિલ સરાવગીએ સેમિનારની પૂર્વભુમિકા રજૂ કરતાં કહયું હતું કે,મોડર્ન મેનેજમેન્ટ દરેક ક્ષેત્રમાં જરૂરી છે આજે ટેક્ષ્ટાઈલ માટેનો સેમિનાર યોજાયો છે એ રીતે જ અન્ય ક્ષેત્રો માટેના સેમિનાર પણ યોજાતા રહેશે. તેમણે આજના વકતાઓના ટૂંકા પરિચય પણ આપ્યા હતા.

સેમિનારના પ્રથમ વકતા અને બિંદાલ ગૃપના એમડી શ્રી રવિન્દ્ર આર્યએ પ્રેઝન્ટેશન સાથે આજના વિષયની શરૂઆત કરી હતી. તેમણે કહયું હતું કે,ટેક્ષ્ટાઈલ એ ઘણું મોટું ક્ષેત્ર છે દેશમા અંદાજે ત્રણ કરોડ લોકોને રોજગારી આ ક્ષેત્ર પુરી પાડે છે.સુરત આ ક્ષેત્રમા વર્ષોથી છે.તેમ છતાં આ ક્ષેત્રમા મેનેજમેન્ટની નવી પધ્ધતિ પ્રત્યે અપાવું જોઈએ તેટલું ઘ્યાન અપાયું નથી. હવે વૈશ્વિકરણ બાદના સમયમાં બજારો સ્પર્ધાત્મક બને છે ત્યારે જો ટેકનોલોજી અપગ્રેડેશનની સાથે સાથે મોડર્ન મેનેજમેન્ટને પણ અપનાવવામાં આવે તો ઘણું સારૂં પરિણામ મેળવી શકાશે.તેમણે ઉદ્યોગને વ્યકિતલક્ષી ન બનવા દેવાની દિશામાં વિચારવાની જરૂરિયાત ઉપર ભાર મુકતાં કહયું હતું કે,દ્રષ્ટિ બદલવાથી જ નવી દિશાઓ મળી શકે છે.ઉદ્યોગમાં વ્યકિતનું નહી પણ પ્રક્રિયાનું મહત્વ હોવેં જોઈએ.ઉત્પાદનની પ્રક્રિયાનેં દરેક તબકકે ઘ્યાન રખાવું જોઈએ.પ્રિવેન્ટિવ મેન્ટેનન્સ,શોપફલોર માર્કિંગ,દરેક પ્રક્રિયાનો રીપોર્ટ,કવોલિટી કંટ્રોલ પ્રક્રિયા,સ્ટોરેજ સિસ્ટમ અને એચઆર સિસ્ટમમાં કામદાર કે કર્મચારીની કામગીરીનુ નિયમિત આકલન કરી સારી કામગીરી બદલ પુરસ્કાર આપવાથી તેમને પ્રોત્સાહન મળશે જે લાંબાગાળે એકમ માટે પણ ફાયદાકારક બનશે.તેમણે કાયઝેનના સિધ્ધાંત સમજાવતું પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યુ હતું.

સેમિનારના બીજા વકતા અને લુથરા ગૃપના એમડી શ્રી ગિરિશ લુથરાએ કહયું હતું કે,સુરત ટેક્ષ્ટાઈલ ક્ષેત્રમાં ઘણું આગળ છે અને આપણે ઘણું એક્ષ્પોર્ટ કરી રહયા છે એ વાત વિશ્વના બજારની નજરે જોવા જઈએ તો હજુ તો ઘણી બધી તકો છે. જરૂર છે તો માત્ર એ તકોને ઓળખવાની દ્રષ્ટિની અને 'હોતા હે,ચલતા હે'ની ઘરેડમાંથી બહાર આવવાની.નવી ટેકનોલોજી અપનાવવી પડશે,લાયક અને કુશળતા ધરાવતો સ્ટાફ જોઈશે,સતત ટ્રેનિંગ પણ જરૂરી છે.લાંબા ગાળાનું આયોજન કરી જરૂરી જાણકારી એકત્ર કરી માનવ સંસાધનો પર ઘ્યાન આપી આગળ વધવું જોઈએ.આ ક્ષેત્ર માટે કલસ્ટર એપ્રોચ ઘણો ફાયદાકારક નીવડી શકે છે.તમે જો તમારા વલણ અને માન્યતાઓમાં ફેરફાર લાવી

શકો તો જ પરિણામ બદલી શકાશે.વિસ્તૃત પ્રેઝન્ટેશન સાથેનું તેમનું વકતવ્ય ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહયુ હતું.

સેમિનારના ઠીજા વકતા અને  પ્રતિભા ગૃપના એમડી શ્રી પ્રમોદ ચૌધરીએ તેમના વકતવ્યમાં આ ક્ષેત્રમા તેમણે મેળવેલા અનુભવ વિશે જાણકારી આપી હતી.તેમણે કહયું હતું કે નવી પેઢીના સાહસિકોને ઉદ્યોગની પાયાની બાબતોથી જ તાલીમ આપવાની શરૂઆત કરવી જોઈએ.ઉદ્યોગને પ્રક્રિયાલક્ષી બનાવવાની જરૂરિયાત પર પણ તેમણે ખાસ ભાર મુકયો હતો.એકમના માલીકો કે સંચાલકોએ રોજીંદી બાબતોમા વ્યસ્ત રહેવાને બદલે ઉદ્યોગના વિકાસ અને નવી દિશા તરફ વધુ ધ્યાન આપવું જોઈએ.શ્રમ કાનૂન અટપટા હોવાને કારણે આપણે એચઆર ડેવલપમેન્ટ તરફ ધ્યાન આપી શકતા નથી ત્યારે આપણે ઓછા માનવબળથી ઉદ્યોગનું સંચાલન થઈ શકે તેવી પધ્ધતિ અપનાવવી પડશે.બજારમાં ટકી રહેવા ખાતર આપણે ઉત્પાદન ખર્ચ ઘટાડવા નવી મેનેજમેન્ટ પધ્ધતિ અપનાવતા નથી જે લાંબાગળે તો મોંઘું જ પડે છે. તેમણે કહયું કે ટેક્ષ્ટાઈલ અવું ક્ષેત્ર છે જેનો અનુભવ ધરાવનાર વ્યકિત કોઈપણ ઉદ્યોગમાં સફળ થઈ શકે છે.

ઉપસ્થિત શ્રોતાઓના પ્રશ્નોના વકતાઓએ સંતોષકારક ઉત્તરો આપ્યા હતાં.

એચઆરડી કમિટીના ચેરમેનશ્રી મૃણાલ શુકલએ સમાપન વકતવ્ય સાથે આભારવિધિ આટોપી હતી.